**ભારત-રશિયા આંતર-સરકારી સૈન્ય અને લશ્કરી ટેકનિકલ સહકાર પર મોસ્કોમાં સહકાર આયોગના 21 મા સત્રનું આયોજન થયું**

10 ડિસેમ્બર, 2024

ભારત-રશિયા આંતર-સરકારી આયોગની સૈન્ય અને લશ્કરી ટેકનિકલ સહકાર (IRIGC-M&MTC) ની 21 મી બેઠક 10 ડિસેમ્બર, 2024 ના રોજ મોસ્કોમાં યોજાઈ હતી. તેની સહ-અધ્યક્ષતા રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહ અને રશિયાના રક્ષા મંત્રી શ્રી એન્ડ્રી બેલોસોવે કરી. રક્ષા મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત-રશિયા સંબંધો ખૂબજ મજબૂત છે, અને તેમણે ખાસ અને વિશેષાધિકૃત રણનીતિક ભાગીદારીની જવાબદારીઓનું સફળતાપૂર્વક પાલન કર્યું છે. તેમણે ઉમેર્યું કે, 2024 માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની બે રશિયા મુલાકાતો સહિત તાજેતરના આદાનપ્રદાનથી આ સંબંધો વધારે મજબૂત બન્યા છે.

2. શ્રી રાજનાથ સિંહે ભારત સરકારની પ્રતિબદ્ધતાને વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, તેમણે પોતાના ઘરેલુ સંરક્ષણ ઉદ્યોગની ક્ષમતાઓને વિવિધ ક્ષેત્રો અને ઔદ્યોગિક સહયોગને વિસ્તૃત કરવાનો નિશ્ચય કર્યો છે. તેમણે 'મેક ઇન ઇન્ડિયા' પ્રોજેક્ટ્સમાં રશિયન ઉદ્યોગોની ભાગીદારીને વધારવા માટેની નવી તકો પર ભાર મૂક્યો. તેમણે રશિયા સાથે વિશેષ અને વિશેષાધિકૃત રણનીતિક ભાગીદારી માટે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

3. રશિયાના રક્ષા મંત્રીએ બંને દેશો વચ્ચે પરસ્પર વિશ્વાસ આધારિત સંબંધોને વધારે ગાઢ બનાવવા પર ભાર મૂક્યો. તેમણે INS તુશિલની શરૂઆત કરવા બદલ રક્ષા મંત્રીને અભિનંદન પાઠવ્યા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે 2021-31 માટે લશ્કરી ટેકનિકલ સહકાર કરારનું સંચાલન 'મેક ઇન ઇન્ડિયા'ને જરૂરી પ્રોત્સાહન આપશે. શ્રી રાજનાથ સિંહે મંત્રી બેલોસોવને 2025 માં IRIGC-M&MTC ના 22 મા સત્રની સહ-અધ્યક્ષતા માટે ભારત આવવાનું આમંત્રણ આપ્યું. આમંત્રણ સ્વીકારવામાં આવ્યું હતું.

4. અંતે, બંને મંત્રીઓએ 21મી IRIGC-M&MTC બેઠકના પ્રોટોકોલ પર હસ્તાક્ષર કર્યા, જેમાં ચાલુ અને સંભાવિત સહયોગ ક્ષેત્રોને પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

5. બેઠક પહેલાં, રક્ષા મંત્રીએ કેન્દ્રીય મોસ્કોમાં રશિયન રક્ષા મંત્રાલયમાં ગાર્ડ ઑફ ઑનરનું નિરીક્ષણ કર્યું હતું. આ પહેલાં તેમણે મોસ્કોમાં બીજા વિશ્વયુદ્ધ દરમિયાન શહિદ થયેલ સોવિયેત સૈનિકોની સ્મૃતિને માન આપવા 'ધ ટોમ્બ ઑફ ધ અનનોન સોલ્જર' પર શ્રદ્ધાંજલી અર્પિત કરી હતી.

**નવી દિલ્હી**

**10 ડિસેમ્બર, 2024**